Swatantra Party

RAJKOT DISTRICT OFFICE

PHONE : 1230

A-6, MODI CHAMBERS
DHARMENDRA ROAD
RAJKOT

4548

Ref. :

Date 21-5-68

My dear Masani,

Bombay

I am enclosing herewith a copy of the letter addressed to Mr. H. M. Patel President of Gujarat Party. ~~who~~

A meeting of the Gujarat Party Executive is to be held on 27-5-68. First item of the agenda is about Bhagawanji Patel.

We have not yet received the copy of the detailed report of Enquiry Committee inspite of our demand. All the members ~~and the~~ of the executive and the office bearer must get this copy in advance

before discussion on this important issue. But unfortunately nothing is done uptill now. So I have protested about this matter in the letter written to H.M. Patel. The copy is enclosed herewith.

In the informal meeting of office-bearers of Gujarat Party on 3-5-68 held at Vidya Nagar this question was discussed and the minutes of this meeting received by me before three days includes one paragraph stating about the incident of Bhagwanji Patel that "The general trend of the office-bearers on this issue was that such steps should not be taken which may damage the party organisation and unity of the party in Saurashtra Bhagwanjibhai should be persuaded that in future he should not take part in anti-party activities and warned and we should try to establish good relations between Bhagwanjibhai and Rajkot Parliamentary Candidate and Rajkot District Office Bearers".

I was not present in this meeting. But looking to the copy of the minutes I have decided not to attend the meeting executive to be held on 27-5-68 and hence I have written the letter to H.M. Copy sent to Dandekar.

Rajkot Zilla Swatantra Party,
A-6, Modi Chambers,
Dharmendra Road,
Rajkot.

Reference No. 890/1968

21 - 5 - 1968

To,
Mr. H.M. Patel,
President,
Gujarat Swatantra Party,
Ahmedabad.

I was unable to be present in the unofficial meeting of the office bearers of the Gujarat Swatantra Party held at Vallabh Vidyanagar on 3-5-68, but I have received the minutes of the meeting.

From the minutes, I learnt that in the office bearers meeting the affairs concerning Mr. Bhawanjibhai Patel were discussed and it is noted down in the records, "A general opinion in the meeting was that no steps should be taken which would upset the Party Organisation or might create a split in the Party in Saurashtra. Many members were of the opinion that as far as possible a step should be taken to molify Mr. Bhagwanjibhai Patel so that in future he may not indulge in anti-Party activities and every step should be taken so that there is unanimity in the Rajkot District Committee and its representatives on the State Parliamentary Board. It was further added that the President (H.M. Patel) said that the Committee appointed to investigate into the conduct of Mr. Bhagwanjibhai Patel was also of the same opinion".

It is not understood whether the office bearers went into the details of the report of the investigation committee. In fact, all the office bearers should have been supplied with a complete document of the report of the Committee. But unfortunately not a single copy of the report has been sent either to the office bearers or to the members of the Executive Committee. In the meeting of the Executive Committee held on 10-3-68 Mr. Pramod Kalyani had made such a demand and I had supported the demand that the report should be circulated to all the members for detailed study. You were in the Chair and you had promised that the copies would be sent to all

the members but inspite of that no copies have been sent out with the result that by our letter dated 15-4-68 we have reiterated our demand for getting the copies of the report but in vain. On 27-5-68 the meeting of the Exectutive Committee will be held and one of the first items on the agenda is to discuss the report of the investigation Committee against the activities of Mr. Bhagwanjibhai Patel. Since the matter is on the agenda it was necessary that all the members of the Executive Committee should have received a copy of the report along with the notices of the meeting so that each member could study the case and can take part in the discussion during the forth coming meeting.

About a meeting of the office bearers held on 3-5-68 I have only quoted one extract from the minutes and I do not agree with the decision taken because I firmly believe that the real strenght of the Party is derived from honest and sincere workers. A bogey has been raised that if strong disciplinary action is taken then the Party might break, with the result that it will become very difficult for honest and dedicated workers of the Party to carry on their work.

During the last General Elections in Rajkot District, Mr. Bhagwanjibhai Patel had tried his level best to defeat Mr. M.R. Masani and some of the Assembly candidates from Dhoraji and Upleta. This fact has been proved by the report of the investigation committee. Because Mr. Bhagwanjibhai Patel was a member of the Parliamentary Board of Gujarat Swatantra Party the above attitude of his should not be at all tolerated. Bhagwanjibhai Patel went to the extent of creating such a situation that the elections of Junagadh district committees went before the court of law and resulted in creating a bad name for the Party.

At the time of the elections of the office bearers of the Rajkot District Committee, because Bhagwanjibhai could not be elected as one of the office bearers, he had made accusations that this committee was a Masani Committee, etc., and he had made all these statements public through the press.

The Rajkot District Committee has time and again passed many resolutions demanding disciplinary action to be taken against Mr. Bhagwanjibhai Patel, and inspite of the report of the investigation committee no steps have been taken against him with the result that these actions of Mr. Bhagwanjibhai Patel have found an echo during the recently held Rajya Sabha elections when some of the members of our Party emulated the example of Mr. Bhagwanjibhai Patel. If immediate steps had been taken against Mr. Bhagwanjibhai Patel this situation would not have been created at the time of the Rajya Sabha elections and nobody would have dared to defy the Party's directive, and the Gujarat Swatantra Party would not have had to suffer what it has suffered. I am firmly of the opinion that even though Bhagwanjibhai Patel was a member of the State Parliamentary Board, at the time of the last general elections he worked against the Party's official candidates in Rajkot District and also created trouble at the time of the Party's organisational elections in Junagadh and Rajkot. If strong action is not taken against such hotheads, inspite of the request by the Gujarat Swatantra Party Executive Committee then it would have bad effect at the district levels especially in Saurashtra and also in Rajkot district. This will lead to serious consequences in the future. It is my duty as the General Secretary of the Rajkot District Swatantra Party Committee to draw your attention to this serious matter and I request you to circulate this letter to all members of the Executive Committee.

In view of the decision of the Gujarat Swatantra Party not to take any disciplinary action in its meeting held on 3-5-68 I have come to the conclusion that no useful purpose will be served by my remaining present in the forth coming meeting of the State Executive to be held on 27-5-68 and I have decided reluctantly to be absent from the meeting.

Sd/-..

Ratibhai Ukabhai Patel
General Secretary Rajkot Dist.
Swatantra Party.

cc: 1. Mr. M.R. Masani,
2. Mr. N. Dandeker.

# સ્વતંત્ર પક્ષ

રાજકોટ જિલ્લા કાર્યાલય
ફોન : ૩૯૩૦
ક્રમાંક ૯૫૦/૧૫૫

એ-૬ મોદી ચેમ્બર્સ,
ધર્મેન્દ્ર રોડ,
રાજકોટ.
તારીખ ૨૧-૫-૬૮

માનનીય શ્રી એચ. એમ. પટેલ
પ્રમુખશ્રી, ગુજરાત સ્વતંત્રપક્ષ,
અમદાવાદ.

જયભારત સાથ લખવાનું જે તા. ૩-૫-૬૮ના રોજ વલ્લભવિધાનગરમાં ગુજરાત સ્વતંત્રપક્ષના હોદ્દેદારોની અવિધિસરની [illegible] બેઠકની અંદર હું હાજર રહી શકયો ન હતો. આ બેઠકની કાર્યવાહીની નોંધની નકલ મને તાજેતરમાં મળેલ છે.

તેમાં શ્રી ભગવાનજી ભાણજી પટેલ અંગેની તપાસ સમિતિના અહેવાલ બાબત ઉપરોક્ત બેઠકમાં થયેલ વિચારણાની નોંધ અંગે દર્શાવેલ છે કે :—

" સર્વસાધારણ રીતે બેઠકનો એવો સુર હતો કે એવાં કોઇપણ પગલાં લેવાં ન જોઇએ કે જેથી પક્ષના સંગઠનને આંચ આવે અથવા સૌરાષ્ટ્રમાં જ પક્ષની એકતામાં તડો પડે. બેઠકનો વધુમાં એવો મત હતો કે બને ત્યાં સુધી શ્રી ભગવાનજીભાઇને ભવિષ્યમાં આવી પક્ષ વિરૂધ્ધ પ્રવૃત્તિ ન કરવા બાબત ચેતવણી આપી સમજાવી લેવા તેમજ તેમના અને રાજકોટના પાર્લામેન્ટના સભ્ય, તેમજ રાજકોટ કારોબારીના હોદ્દેદારો વચ્ચે શકય તેટલો સુમેળ સધાય તેવા બધાએ પ્રયાસ કરવા. પ્રમુખશ્રીએ ઉમેર્યું હતું કે તપાસ સમિતિના અહેવાલમાં પણ આવીજ જાતની ભલામણ કર-વામાં આવેલી છે."

હોદ્દેદારોની આ બેઠકમાં તપાસ સમિતિના અહેવાલની સંપુર્ણ વિગત રજુ કરવામાં આવી હતી કે કેમ તે જાણવા મળતું નથી. વસ્તુતઃ તમામ હોદ્દેદારોને ઉપરોક્ત તપાસ સમિતિનો સંપુર્ણ અહેવાલ વહેલી તકે મોકલી આપવો જોઇતો હતો. પરંતુ આવી નકલો હોદ્દેદારો તથા કારોબારીના તમામસભ્યોને હજુસુધી મોકલવામાં આવી નથી. કારોબારીની તારીખ ૧૦-૩-૬૮ના રોજ મળેલ ~~મીટી~~ મીટીંગમાં આવી નકલ આપવા રાજકોટ જીલ્લા સ્વતંત્રપક્ષના જોઇન્ટ સેક્રેટરીશ્રી પ્રમોદભાઇ કલ્યાણીએ માગણી કરી હતી અને તેને સમર્થન આપતાં મેં કહયું હતું કે આ પ્રશ્નનો વિગતવાર અભ્યાસ માટે અહેવાલની સંપુર્ણ નકલ મળવી જોઇએ. આ મીટીંગમાં પ્રમુખ સ્થાનેથી આપે નકલો આપવાની ખાત્રી આપી હતી તે છતાં તે નકલો ન મળવાથી અમોએ તા. ૧૫-૪-૬૮ના રોજ એક પત્ર લખીને રીપોર્ટની નકલની માગણી કરેલ છે તે છતાં હજુસુધી તે મળેલ નથી અને તા. ૨૭-૫-૬૮ના રોજ કારોબારીની મળનારી બેઠક માટેના એજન્ડાની પ્રથમ બાબત ભગવાનજી

-પાછળ-

ભાણજી પટેલ અંગેની તપાસ સમિતિના અહેવાલ બાબત વિચારણાની છે. આ એજન્ડાની નકલો સાથે ઉપરોક્ત અહેવાલની સંપૂર્ણ નકલ કારોબારીના દરેક સભ્યોને અગાઉથી મોકલી આપવી જોઈતી હતી કે જેથી આવા મહત્વના પ્રશ્ન અંગે સભ્યો પુરતો અભ્યાસ કરીને પોતાનો અભિપ્રાય દર્શાવી શકે.

હોદ્દેદારોની તા. ૩-૫-૬૮ના રોજ મળેલ બેઠકમાં આ પ્રશ્ન અંગે જે વિચારણા થઈ છે અને જેની કાર્યવાહીનો એક ફકરો ઉપર મેં રજૂ કરેલ છે તેની સાથે હું સંમત થતો નથી કારણકે હું સ્પષ્ટ પણે માનું છું કે કોઈપણ સંસ્થાનું સાચું બળ તેના શિસ્તબધ્ધ, નિષ્ઠાવાન કાર્યકરો છે. પક્ષના નિર્ણયોને વફાદારીથી પાલન કરવામાં ન આવે અને તેમ કરનારા સામે "પક્ષની એકતા તૂટી જવા" નો હાઉ આગળ ધરીને નભાવી લેવામાં આવે તો આવા શિસ્તભંગ કરનારા સભ્યોને કારણે શિસ્તબધ્ધ, નિષ્ઠાવાન કાર્યકરોને જાહેરમાં પક્ષ માટે કામ કરવાનું મુશ્કેલ બને.

શ્રી ભગવાનજી ભાણજી પટેલે ગત સામાન્ય ચૂંટણીમાં રાજકોટ જીલ્લામાં રાજકોટ જીલ્લાના પક્ષના સંસદના ઉમેદવાર શ્રી એમ. આર. મસાણી જેઓ તે વખતે પક્ષના જનરલ સેક્રેટરી હતા તેમને હરાવવા માટે કામ કરેલ તથા પક્ષના ધારાસભાના ધોરાજી તથા ઉપલેટા વગેરે વિસ્તારના ઉમેદવારો વિરૂધ્ધ પણ કામ કરેલ તે હકીકત તપાસ સમિતિના અહેવાલ પરથી સાબિત થયેલ છે. શ્રી ભગવાનજી પટેલ ગુજરાત સ્વતંત્રપક્ષના પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય હતા તેથી તેમણે ~~બિલકુલ~~ ચૂંટણી દરમ્યાન લીધેલ ઉપરોક્ત વલણ બિલકુલ ચલાવા લેવું ન જોઈએ અને તે અંગે યોગ્ય પગલાં સત્વરે લેવાયાં નહિ તેથીજ તેમણે પક્ષની જુનાગઢ જીલ્લાની ચૂંટણીઓ દરમ્યાન એવી પરિસ્થિતી પેદા કરી કે તે અંગે ન્યાય કોર્ટ સુધી મામલો પહોંચ્યો અને તેથી પક્ષની બદનામી થઈ.

તદુપરાંત રાજકોટ જીલ્લામાં પક્ષના હોદ્દેદારોની ચૂંટણી થયેલ તે વખતે પોતે કોઈ હોદ્દેદાર તરીકે ચૂંટાઈ આવે તેવી કોઈ શક્યતા ન હોવાથી આ ચૂંટણી પક્ષની જીલ્લા સમિતિની ચૂંટણી નથી પણ આ મસાણી સમિતિ છે વગેરે આક્ષેપો કરતાં નિવેદનો અખબારોમાં પ્રસિધ્ધ કરાવેલ છે જેની નકલો પણ અમોએ આપને મોકલાવેલ છે.

રાજકોટ જીલ્લા સમિતિએ અવાર નવાર ઠરાવો કરીને શ્રી ભગવાનજી પટેલ સામે શિસ્તભંગના પગલાં લેવાની માગણી કરેલી છે પરંતુ તાપાસ સમિતિના અહેવાલ પછી પણ સત્વરે પગલાં લેવાયાં નહિ તેથીજ તાજેતરમાં રાજ્યસભાની બેઠકોની ચૂંટણી વખતે પક્ષના મોટા ભાગના ધારાસભ્યોએ શ્રી ભગવાનજી પટેલની શિસ્તભંગની નીતીનું અનુસરણ કર્યું એ હકીકત સુવિદિત છે. જો શ્રી ભગવાનજી પટેલ સામે તત્કાળ પગલાં લેવામાં આવ્યાં હોત તો રાજ્યસભાની ચૂંટણી વખતે શિસ્તભંગ કરવાની કોઈ હિંમત કરત નહિ અને તો ગુજરાત સ્વતંત્ર પક્ષને આ બનાવથી જે સહન કરવું પડયું તે બનત નહિ.

# સ્વતંત્ર પક્ષ

રાજકોટ જિલ્લા કાર્યાલય
ફોન : ૪૯૩૦
ક્રમાંક

એ-૬ મોદી ચેમ્બર્સ,
ધર્મેન્દ્ર રોડ,
રાજકોટ.
તારીખ ૨૬-૫-૬૮

આથી હું દઢપણે એમ માનું છું કે શ્રી ભગવાનજી પટેલ પાર્લામેન્ટરી બોર્ડના સભ્ય હોવા છતાં પક્ષના જનરલ સેક્રેટરી તથા અન્ય ઉમેદવારોની વિરૂધ્ધ ચૂંટણીમાં કામ કર્યું હોઇ અને ચૂંટણી પછી પણ જુનાગઢ તથા રાજકોટની પક્ષની સંસ્થાકીય ચૂંટણીમાં તેમનું જે વલણ જોવામાં આવ્યું છે તે જોતાં આ બાબત દાખલો બેસે તેવાં કડક પગલાં લેવાની ગુજરાત પક્ષની કારોબારીએ ~~સલાહ~~ ~~સલાહ~~ કેન્દ્રીય કારોબારીને ભલામણ કરવી જોઇએ અને જો તેમ નહિ થાય તો સૌરાષ્ટ્રના અન્ય જીલ્લાઓમાં તેમજ રાજકોટ જીલ્લામાં બુરા પ્રત્યાઘાતો પડશે અને રાજકોટ જીલ્લા સમિતિના તમામ હોદ્દેદારો અને સભ્યો કોઇપણ પ્રકારની ઢીલી નીતી સાંખી લેશે નહિ અને તેનાં ગંભીર પરીણામો આવશે તે બાબત ગુજરાત સ્વતંત્રપક્ષના સહમંત્રી તરીકે તથા રાજકોટ જીલ્લા સ્વતંત્રપક્ષના જનરલ સેક્રેટરી તરીકે મારે આપનું ધ્યાન ખેંચવું જોઇએ. મારો આ પત્ર કારોબારીના તમામ સભ્યોની સમક્ષ રજુ કરવા વિનંતિ છે.

શિસ્તભંગને ચલાવી લેવાની ~~મનો~~ મનોવૃત્તિ ગુજરાત પક્ષમાં વ્યાપક ~~બન~~ બની ચૂકી છે તે જોતાં તેમજ તા. ૩-૫-૬૮ના રોજ પક્ષના હોદ્દેદારોનું આ પ્રશ્ન અંગે જે પ્રકારનું વલણ પ્રદર્શીત થયું છે તે ધ્યાનમાં લેતાં તા. ૨૭-૫-૬૮ના રોજ મળનારી કારોબારી સમિતિની બેઠકમાં હાજર રહેવાથી કોઇ ઉપયોગી હેતું સરે તેમ મને લાગતું નથી તેથી હું આ બેઠકમાં હાજર રહી ~~શકીશ~~ શકતો નથી તે બદલ દિલગીર છું.

આપનો વિશ્વાસુ,

રતિભાઈ ડી. [illegible]
General Secretary,
Rajkot District Swatantra Party,
Rajkot.

Copy to: Mr. M. R. Masani M.P.
143, Mahatma Gandhi Road
Bombay.